### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી કેમ્પસમાં

# ‘વુમન ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિનિયરશીપ સેલ’નું ભવ્ય ઉદ્‌ઘાટન



ગાંધીનગર, તા. ૧૬

મહિલા સશક્તિકરણ અને ઉદ્યોગસાહસિકતા ને પ્રોત્સહન આપવા તથા વધુ ને વધુ વિદ્યાર્થીનીઓ ઉદ્યોગ સાહસિક બને તથા તેઓ નો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી ૧૩ માર્ચના રોજ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી કેમ્પસમાં ‘વુમન ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિનિયરશીપ સેલ’નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ પ્રસંગે આઈ નરચર મી લર્નિંગ સર્વિસીસ અને સ્ટોરી સર્કલ ના ફાઉન્ડર શ્રીમતી યોગિતા બંસલ આહુજા ચીફ ગેસ્ટ તરીકે અને વાઈબ્રન્ટ સ્કાય અને કાયરા બ્રાન્ડ ના ઓનર શ્રીમતી બંસી સંઘવી ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીની એન્જિનિરીંગ, બિઝનેસ, ડિઝાઈન, સાયન્સ તથા હેલ્થ સાયન્સ શાખાની વિદ્યાર્થીનીઓ અને અધ્યાપકો હાજર રહ્યા હતા.

આ સેલ અંતર્ગત યુનિવર્સિટી વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારના પ્રોગ્રામ નું આયોજન કરશે કે જેથી વિદ્યાર્થીનીઓ નું ઓવરઓલ ડેવલપમેન્ટ થાય, તેમના માં ઉદ્યોગ સાહસિક બનવાની કળા વિકસે અને તેઓ દેશ ના અર્થતંત્ર ના વિકાસમાં પોતાનું મહત્વનું યોગદાન પૂરું પડી શકે.


કાર્યક્રમ ની શરૂઆત ઝુમ્બા સેશન થી કરવામાં આવી હતી જેમાં ૨૦૦ થી વધારે વિધાર્થિનીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિવિધ મનોરંજન અને ઉપયોગી એક્સરસાઈઝ કરી હતી અને કારકિર્દી ની સાથે સાથે મજબૂત માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય ના મહત્વ ને પણ સમજ્યું હતું.

ત્યારબાદ વુમન ડેવલપમેન્ટ સેલનું ઉદ્ઘાટન રીબીન અને કેક કટિંગ શ્રીમતી નિકિતા આદિ જૈન, બોર્ડ ઓફ મેમ્બર તથા ચીફ ગેસ્ટ અને ગેસ્ટ ઓફ ઓનર દ્વારા માં કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ઈન્ક્યુબેશન મેનેજર શ્રીમતી રાજલક્ષ્મી ચૌધરી અને વિદ્યાર્થીઓ દ્વારા ખુબ ખંત અને ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું હતું.

બંને વકતાઓ એ તેઓની આગવી શૈલી અને છટાથી વિદ્યાર્થીનીઓ તથા અધ્યાપકો ને જીવન માં ખુબ જ હકારાત્મક અભિગમ થી કોઈ પણ વિપરીત પરિસ્થિતિઓ માં અડગ રહી ને સખત મેહનતથી આગળ વધવાની અપીલ કરી હતી. તેઓએ પોતાની કારકિર્દી ના ખુબ જ પ્રેરણાત્મક દ્રષ્ટાંતો વિદ્યાર્થીનીઓ સાથે રજુ કર્યા હતા. પ્રોગ્રામના અંતે જજીસ દ્વારા શોર્ટલિસ્ટ થયેલા અલગ અલગ સ્પર્ધાના વિજેતાઓ ને સર્ટિફિકેટ અને ગિફ્ટ આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

### કોરોના સામે સાવચેતી માટે

# સ્વામિનારાયણ ઇન્સ્ટિટ્યૂટે શરૂ કર્યા ઓનલાઈન શિક્ષણ ‘ગૂગલ-ક્લાસ’




ગાંધીનગર, તા. ૧૬

કોરોના સામે સાવચેતી અને તકેદારી ના પગલારૂપે જ્યારે રાજ્ય સરકારે બે સપ્તાહ સુધી શાળા-કોલેજ બંધ નો નિર્ણય જાહેર કર્યો છે. ત્યારે શ્રીસ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ભાટ દ્વારા નવીન અભિગમ “સ્ટડી ફ્રોમ હોમ” ની શરૂઆત કરવામાં આવી છે. આજે વિશ્વમાં જ્યારે કોરોના મહા-રોગ ની હાડમારી ના સાવચેતી રૂપે ભીડ માં જવાની આગમચેતી રૂપે મનાઈ છે. ત્યારે ઈન્ટરનેટ અને ગુગલ-ક્લાસની મદદ થી એસ.એસ.આઈ.ટી. ના પ્રોફેસરો ઓનલાઈન વ્યાખ્યાન આપશે. દરેક વિદ્યાર્થીઓ પોતાને રાજ્ય સરકાર દ્વારા મળેલ નમો ટેબ્લેટ, મોબાઈલ કે કોમ્પ્યુટર દ્વારા તેમનાં ગુગલ એકાઉન્ટમાંથી લૉગ-ઈન થઈ આ વર્ચ્યુલ ક્લાસ માં ઘરેથી હાજરી આપશે.

જ્યારે કોલેજનાં પ્રોફેસર ક્લાસરૂમમાંથી વિડિયો-લેક્ચર માં રોજ નાં વિષયવાર લેક્ચર આપશે સાથે હાજરી પણ પૂરશે. આ વર્ચ્યુલ ક્લાસ રૂમ એટ્લે ગુગલ-ક્લાસ કે જેમાં વિદ્યાર્થીઓ ઈન્ટરનેટ નાં માધ્યમ થી ક્લાસ-નોટ, વિડિયો-ઓડિઓ લેક્ચર, હાજરી, મટીરીયલ, પ્રશ્નબેંક મેળવશે. વિદ્યાર્થીઓને જો સમજ ન પડે કે કોઈક પ્રશ્ન, મુજવણ હોય તો તરતજ ઓન-લાઈન ટાઈપ કરી પૂછી શકશે જેનો જવાબ તરત જ ઓન-લાઈન રહેલ પ્રોફેસર આપશે. આમ લેટેસ્ટ ટેક્નોલોજી દ્વારા વિદ્યાર્થીઓનો સમય પણ બચશે અને કોરોનાંનાં ફેલાવા સામે આગમચેતી રક્ષણ પણ મળશે.

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી દ્વારા કોરોનાંનાં સામે લડવા એટલે કે તેનાથી બચવા માટે ની રાજયસરકાર ની ગાઈડલાઈન પણ દરેક ઓન-લાઈન લેક્ચરની શરૂઆત માં વિદ્યાર્થીઓને સમજાવવામાં આવશે. વિદ્યાર્થીઓ તેમનાં વિષય નાં એસાઈમેન્ટ પણ ઘરેથી લખી અને ઓન-લાઈન ગુગલ-ક્લાસ માં સબમીટ કરશે. આમ જ્યારે મોટી IT કંપનીઓ વર્ક ફ્રોમ હોમની થીયરીથી કામ ચલાવે છે ત્યારે હાલ ની પરિસ્થિતીને પહોંચી વળવા તેમજ વિદ્યાર્થીઓનાં કારકીર્દી નાં કિમતી સમયને બચાવવા “સ્ટડી ફ્રોમ હોમ“ – ગુગલ ક્લાસ દ્વારા અભ્યાસ કરાવવામાં આવે છે. જેનો સર્વે વિદ્યાર્થીઓએ લાભ લે છે.

# બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની મુલાકાત




ગાંધીનગર, તા. ૧૬

બાપુ ગુજરાત નોલેજ કેમ્પસ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી વાડજ અમદાવાદ ખાતે મેડિકલ વિઝિટનું આયોજન તાજેતરમાં કર્યું હતું.

આ મુલાકાતમાં નર્સિંગ કોલેજના ૩૭ વિધ્યાર્થીઓ અને ૧ ફેકલ્ટી મેમ્બરે ભાગ લઈ ભૂકંપ, જવાળામુખી, પાણીના પૂર જેવી કુદરતી આફતોના સમયે લોકોની સારવાર કેવી રીતે કરવી તે વિષયની માહિતી મેળવી હતી. સમગ્ર મુલાકાત સંસ્થાના ડાયરેકટર પ્રો. રવિકુમાર અને પ્રિન્સીપાલ મેઘરજિયા સાહેબના માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક યોજાઈ હતી.

# ઈન્ફોકિડ્સ પ્રિ-સ્કૂલનો શુભારંભ

## બાળકોના મગજનો ૯૦ ટકા વિકાસ પ્રથમ પાંચ વર્ષમાં થતો હોય છે, આ સમય દરમિયાન તેઓએ મેળવેલ જ્ઞાનનો અનુભવ તેના વિકાસમાં ખૂબ મહત્ત્વ ધરાવે છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં શિક્ષણ ક્ષેત્રે મહત્ત્વનો ફાળો આપનાર શિક્ષણવિદ્ ડૉ. પ્રદિપ ગગલાણી દ્વારા ઈન્ફો કીડ્સ પ્રિ-સ્કૂલની સ્થાપવા કરવામાં આવી હતી. જેમાં બે થી સાત વર્ષના બાળકો માટે તૈયાર કરવામાં આવેલ વિશેષ અભ્યાસક્રમ દ્વારા શિક્ષા આપવામાં આવશે. ઈન્ફો કીડ્સના ઉદ્દ્ઘાટનમાં પધારેલ પૂજ્ય ગુરુમાં સમાનંદ સરસ્વતીજી, સમદર્શન આશ્રમ, ગાંધીનગર, ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ તથા કૃષ્ણકાંત જહા, તંત્રી, ગાંધીનગર સમાચાર દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. તથા સંસ્થામાં પ્રવેશ લેનાર પ્રથમ વિદ્યાર્થી કીયાન વંકાણી દ્વારા રીબન કાપી ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.

પૂજ્ય ગુરુમાએ ઈન્ફો કીડ્સના અભ્યાસક્રમની પ્રાયોગિક સમજ લીધી અને જણાવ્યું કે આપના વિદ્યાર્થીઓને વૈદિક જ્ઞાન આપવાનું પણ આયોજન કરશો. ગાંધીનગરના મેયર રીટાબેને જણાવ્યું કે ગાંધીનગરને એક સારી વિચારધારાવાળી પ્રિ-સ્કૂલની જરૂર હતી. જે ઈન્ફો કીડ્સ દ્વારા પૂરી થઈ છે. કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું હતું કે ઝંકૃતિ રાજ ગગલાણી દ્વારા ઈન્ફો કિડ્સ એક સુંદર પ્રયાસ છે. સંસ્થાના ફાઉન્ડર ડૉ. ગગલાણીએ જણાવ્યું કે બાળકોના મગજનો ૯૦ ટકા વિકાસ પ્રથમ પાંચ વર્ષમાં થતો હોય છે. આ સમય દરમિયાન તેઓએ મેળવેલ જ્ઞાનનો અનુભવ તેના વિકાસમાં ખૂબ મહત્ત્વ ધરાવે છે.



શ્રીમતી હિના ગગલાણી, રાજ ગગલાણી તથા નીલ ગગલાણીએ મહેમાનોને મોમેન્ટો આપી સન્માન કર્યું હતું. શૈલેષભાઈ પંડ્યા, તુષારભાઈ પરમારે મહેમાનોને આવકાર્યા હતા. તથા મીરા હરેશકુમાર ગોગરી, નિષ્ઠા ચેતનકુમાર સોની, તિશા જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ, જહાન્વી અનિરુદ્ધ સિંહ ઝાલાએ બદા જ મહેમાનોને સમગ્ર શાળાના અભ્યાસક્રમનો પરિચય કરાવ્યો હતો.

### ગૂજરાત વિદ્યાપીઠના રાંધેજા પરિસરમાં

# મહિલા વિકાસ એકમ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે કાર્યક્રમનું આયોજન



ગાંધીનગર, તા. ૧૬

ગૂજરાત વિદ્યાપીઠના રાંધેજા પરિસરમાં છઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ મહિલા વિકાસ એકમ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન થયું, જેમાં મુખ્ય વક્તા તરીકે પધારેલ ડૉ. દામિનીબહેન શાહે પરિસરના તમામ વિદ્યાર્થીઓ તેમજ સેવકોની ઉપસ્થિતિમાં ખૂબ જ પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સર્વધર્મ પ્રાર્થના તેમજ સૂતરની આંટીથી મહેમાનનું સ્વાગત કર્યા બાદ સંયોજકશ્રી ડૉ. રાજીવભાઈ પટેલે ડૉ. દામિની બહેનનો પરિચય આપીને શાબ્દિક સ્વાગત કર્યું હતું. ડૉ. દામિનીબહેન શાહે ૮ મી માર્ચે ઉજવાતા વિશ્વ મહિલા દિનના ઈતિહાસ અને વર્તમાન પરિસ્થિતિની તબક્કાવાર વિસ્તૃત ચર્ચા કરી હતી તેમજ મહિલા સશક્તિકરણ અને વિકાસના ખરા માપદંડો શું હોવા જોઈએ?- તેની ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. પોતાના વ્યાખ્યાન દરમિયાન વિવિધ આંકડાકીય હકીકતો, જીવંત ઉદાહરણો અને પ્રેરક દ્રષ્ટાંતો આપીને અનેક સંવેદનશીલ મુદ્દાઓની ખૂબ જ ચીવટપૂર્વક છણાવટ કરી હતી. પિતૃપ્રધાન માનસિકતા ધરાવતા આપણા સમાજમાં આજે પણ મહિલાઓએ લિંગ-ભેદ, શિક્ષણ-ભેદ, વેતન-ભેદ, નાણાં-ભેદ, કાર્ય-ભેદ અને સ્વમાન-ભેદનો સામનો કરવો પડે છે. આવા સંજોગોમાં આજે મહિલા સશક્તિકરણના ખરા માપદંડ શું શકે તે મુદ્દા પર ગહન ચર્ચા કરી હતી.

# ઓમ કોમ્પ્યુનિકેશન દ્વારા સંસ્કૃત પર્વ વાગ્માધુરીનું આયોજન






- જીવન મૂલ્યો અને સામાજિક પરિબળોને ભર્તુહરિ સુધારવા માંગતા હતા.
- ભર્તુહરીએ સંસ્કૃત થકી એક સાંસ્કૃતિક વારસો આપ્યો છે.

- ભાગ્યેશ જહા

- પલાયનવાદ એ વૈરાગ્ય નથી.
- વૈરાગ્યશતકમ તમારે કયા અટકવું તે શીખવે છે
- વૈરાગ્યશતકમ તમને શૃંગાર માણવાની ના નથી પાડતો. તમે જયારે ચાહો ત્યારે શૃંગારને છોડી શકવા જોઈએ
- જીવનનો અંત વૈરાગ્યશતકથી થવો જોઈએ
- ભર્તુહરિ એ સર્વકાલીન છે
- ભર્તુહરીએ સંસ્કૃતભાષામાં જે રીતે વર્ણન કર્યું છે તે જોતા એવું લાગે છે કે ગુજરાતી ભાષા, સંસ્કૃત ભાષાના ખોળામાં બેઠી હોય.

- વસંત પરીખ

ગાંધીનગર, તા. ૧૬

ઓમ કોમ્યુનિકેશન દ્વારા તારીખ: ૧૩ થી ૧૭ માર્ચ ૨૦૨૦ (શુક્રવાર થી મંગળવાર) સુધી, સાંજે ૫-૩૦ કલાકે, રા.વિ.પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે સંસ્કૃતપર્વ ‘વાગ્માધુરી’ ૨૦૨૦નું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત ૧૫ માર્ચ, રવિવારે સંસ્કૃતપર્વ: વાગ્માધુરીના ત્રીજા દિવસે કવિશ્રી ભાગ્યેશ જહાએ સંસ્કૃતસર્જક ભર્તૃહરિ વિશે અને સંસ્કૃત સાહિત્યકાર શ્રી વસંત પરીખે સંસ્કૃતગ્રંથ વૈરાગ્ય શતકમ્ વિશે વકતવ્ય આપ્યું. કાર્યક્રમના પ્રારંભમાં યુવા ગાયિકા આરાધના શોધને સંસ્કૃતસર્જક ભર્તૃહરિના અને સંસ્કૃતગ્રંથ વૈરાગ્ય શતકમના અમુક શ્લોકનું ગાન કર્યું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક‘શ્વેત‘એ કર્યું. આ પ્રસંગે સંસ્કૃત ભાષાના સાહિત્યકારો તેમજ સંસ્કૃત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને માણવા માટે કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી ન્હોતી.

## ડાયરેક્ટ ❤ સે

હૃદયથી સાફ રહેશો તો, કેટલાય લોકોના ખાસ રહેશો...

સુવિચારો મહત્ત્વના નથી... શુ - વિચારો છો તે મહત્ત્વનું છે...

## જન્મદિને વધામણી



સોનલબેન વાસુદેવ ત્રિવેદી
મો. ૯૭૧૪૨ ૩૫૮૨૬



હંસાબેન દિનેશકુમાર રાઠોડ



રીટાબેન દિપકભાઈ સોની
મો. ૯૪૦૮૭ ૬૨૧૧૪




પલક પરસોત્તમભાઈ પરમાર
મો. ૭૮૭૪૪ ૫૭૪૪૩



હેમાંગ હરેશકુમાર જોષી
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬



જેનિલ ડી સોલંકી
મો. ૯૭૧૪૭ ૧૫૫૦૯



ત્રિશા સતીષકુમાર ઠક્કર
મો. ૮૫૧૧૧ ૯૪૬૦૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક